June 13, 2025

आषाढ़- कृष्ण पक्ष, द्वितीया
विक्रम संवत, २०८२

**National Stock Exchange of India Limite**d
"Exchange Plaza"
Bandra – Kurla Complex,
Bandra (E), Mumbai – 400 051
**NSE Code: GHCLTEXTIL**

**BSE Limited**
Corporate Relationship Department,
1st Floor, New Trading Ring, Rotunda Building,
P.J. Towers,Dalal Street,
Fort, Mumbai – 400 001
**BSE Code: 543918**

Dear Sir/Madam,

**Sub: Filing of published copy of newspapers for the notice of 5th Annual General meeting, remote e-voting information and Record date**

In continuance to our earlier communication dated June 12, 2025 and pursuant to the requirement of Regulation 30 of the Listing Regulations read with other applicable provisions, if any, please find enclosed herewith copy of advertisement released in the Financial Express (Gujarati)-Ahmedabad edition dated June 13, 2025 w.r.t. publication of the notice of the 5th Annual General Meeting of the Company, remote e-voting information and record date.

Please note that copy of this intimation is also available on the website of BSE Limited *(www.bseindia.com/corporates)*, National Stock Exchange of India Limited *(www.nseindia.com/corporates) and website of the Company (www.ghcltextiles.co.in ).*

You are requested to kindly take note of the same.
.
Thanking you

Yours faithfully

**For GHCL Textiles Limited**

LALIT NARAYAN DWIVEDI
Digitally signed by LALIT NARAYAN DWIVEDI
Date: 2025.06.13 14:33:36 +05'30'

GHCL TEXTILES LIMITED

**Lalit Narayan Dwivedi**
**Company Secretary**
**Membership No.:F10487**
**Encl:** copy of newspapers

**NATIONAL TEXTILE CORPORATION LIMITED, (WRO), MUMBAI**
एनटीसी NTC
NTC House, 15 N. M. Marg, Ballard Estate, Mumbai - 400 001
Tel.: +91 22 22686600 Fax: +91 22 22686631 Website: www.ntcltd.org

**Sales of Cotton Bales & sale of PSF/VSF bales. "As is where is basis" available in various mills of NTC Ltd. through E- Auction on MSTC Portal.**

**NTC** invites **e-auction through MSTC, Forthcoming e-Auctions,** Reference No for cotton - **14633, 14141, 14142, 14143, 14144 & 14145 and** Reference No for **PSF/VSF 12538, 14422, 14428, 14430, 14442** under two bids system from reputed bidders for "**SALE OF Cotton. & sale of PSF/VSF** " Interested bidders may please visit website for detailed tender document – **https://www.mstcecommerce.com** & **https://www.mstcindia.co.in/content/Forthcoming_e_Auctions_For_All_regions.aspx** or **www.ntcltd.org** & **https://eprocure.gov.in**

**G. M./ OIC**

**YUKEN** 

# YUKEN INDIA LIMITED

**Registered Office:** No. 16-C, Doddanekundi Industrial Area II Phase, Mahadevapura, Bangalore-560048, Karnataka. **Tel No:** +91 9731610341; **E-mail:** suchithra.r@yukenindia.com; **Website:** www.yukenindia.com
CIN: L29150KA1976PLC003017

## CORRIGENDUM TO THE POSTAL BALLOT NOTICE

The Notice of the Postal Ballot dated May 28, 2025 **("Notice")** was dispatched to the Shareholders of the Company in due compliance with the provisions of the Companies Act, 2013, and rules made thereunder, read with circulars issued by Ministry of Corporate Affairs and Securities Exchange Board of India and all other applicable provisions. Capitalized words and expressions used but not defined herein shall have the same meaning as assigned to them in the Notice.

Members are aware that the Company is offering remote e-voting facility to its shareholders on all the resolutions proposed to be transacted in the Notice. However, to enable the Shareholders to exercise their voting rights through remote e-voting facility, the Company deems it appropriate to bring the latest factual position, as mentioned below to the notice of the Members of the Company through this corrigendum to the Notice **("Corrigendum").**

Subsequent to the issuance of the Notice, the Company found errors/ missing information under Item no. 2 in the Resolution and the Explanatory Statement pursuant to Section 102 and other relevant applicable provisions of the Companies Act, 2013 related to *"to Create, Offer, Issue and Allot Equity Shares on Preferential Basis"* contained in the Notice. Accordingly, this corrigendum is being issued to the members of the Company. This corrigendum shall form an integral part of and should be read in conjunction with the Notice.

**Below are the modifications:**

1. **The following information disclosed in the table of the Resolution 2 to the Notice shall stand modified in the manner indicated below:**

   **Under Name, PAN, Category & Address of the Proposed Allottee:**

   **PAN: AAACY2897C**

2. **The following information disclosed in the table under Point (a) of the Explanatory Statement point 2 to the Notice shall stand modified in the manner indicated below:**

   **Under Name, PAN, Category and Address of the Proposed Allottee:**

   **PAN: AAACY2897C**

3. **The following information disclosed under Point (d) of the Explanatory Statement point 2 to the Notice shall stand modified in the manner indicated below:**

The pricing of equity shares of the Company for the purpose of preferential allotment is in accordance with the Chapter **V** of SEBI ICDR Regulations. The Floor Price is determined in accordance with the higher of the floor price computed under Regulation 164(1) of SEBI ICDR Regulations.

The Equity Shares of the Company are listed on BSE Limited **("BSE")** and National Stock Exchange of India Limited **("NSE")** (together referred to as the "Stock Exchanges"). The equity shares are frequently traded on NSE in terms of the SEBI ICDR Regulations. NSE, being the stock exchange with higher trading volumes during the 90 trading days preceding the Relevant Date, has been considered for determining the floor price in accordance with the SEBI ICDR Regulations.

In terms of Regulation 164(1) of the SEBI ICDR Regulations, the floor price at which the Equity Shares shall be issued and allotted shall not be less than higher of the following:

• Volume weighted average price of the equity shares of the Company quoted on NSE, during the 90 trading days preceding the Relevant Date i.e. 853.00; or

• Volume weighted average price of the equity shares of the Company quoted on NSE, during the 10 trading days preceding the Relevant Date i.e. 1,025.32.

Pursuant to the above in terms of Regulation 164(1) of the SEBI ICDR Regulations, the minimum price at which the equity shares may be issued computes to ₹ 1,025.32 per share.

Articles of Association of the Company do not provide for any particular method of determination which results in a floor price higher than that determined under Regulation 164(1) of SEBI ICDR Regulations.

Valuation Report from Independent Registered Valuer is not applicable as per Chapter V of SEBI ICDR Regulations. However, the Company has voluntarily opted for the Valuation Report from the Independent Registered Valuer for determining the price as a good practice. Hence, Valuation is done by only considering Market approach and the Valuer has not considered Asset approach and Income approach. The price determined through Valuation Report of Mr. Ramgopal Krishnamurthy, an Independent Registered Valuer, ((IBBI) Reg No. [IBBI/RV/11/2021/14382) and Chartered Accountant with ICAI M. No. 026091and address - 303, B-7, L&T South City Arekere Mico Layout Bangalore- 560076) i.e., ₹ 1,025.32/- each. The said report is available on the website of the Company at https://www.yukenindia.com/wp-content/uploads/2025/05/YUKEN-FINAL-28.5.25_Valuation-report.pdf

In view of the above, the Issue Price of the Equity Shares to be allotted on preferential basis is ₹1,026 per share which is not less than the Floor Price determined in accordance with Chapter V of the SEBI ICDR Regulations. clarifications/ technical assistance that may be required.

4. **The following information disclosed under "Annexure I" of the Explanatory Statement point 2 to the Notice shall stand modified in the manner indicated below:**

   ***"Post-Issue"* Shareholding of under *"Sub-total (A)"*:**
   **- *"No. of Shares held"*: 78,84,208**
   **- *"% of Shareholding"*: 58.04%**

   ***"Post-Issue"* Shareholding under *"GRAND TOTAL"*:**
   **- *"No. of Share held"*: 1,35,84,000**

Shareholder of the Company kindly note that the Company shall open a window of two days from June 13, 2025 to June 14, 2025, only for the Members of the Company who have already voted on the Resolution no. 2 i.e., *"To Create, Offer, Issue and Allot Equity Shares on Preferential Basis"* for their grievances by email to the Company on suchithra.r@yukenindia.com

On and from the date hereof, the Postal Ballot Notice shall always be read in conjunction with this Corrigendum. This Corrigendum is also being uploaded on the website of the Company at www.yukenindia.com, on the website of National Securities Depository Services Limited at www.evoting.nsdl.com and on the website of the Stock Exchanges where the shares of the Company are listed (www.bseindia.com and www.nseindia.com)

All other contents of the Postal Ballot Notice, save and except as modified or supplemented by this Corrigendum, shall remain unchanged.

**Place: Bangalore**
**Date: June 12, 2025**
CIN: L29150KA1976PLC003017
**REGISTERED OFFICE:**
No. 16-C, Doddanekundi Industrial Area II Phase, Mahadevapura, Bangalore-560048, Karnataka

By order of the Board of Directors
**Yuken India Limited**
Sd/-
**Suchithra R**
Company Secretary & Compliance Officer
ACS: 70262

---

**GHCL TEXTILES**

# જીએચસીએલ ટેક્ષટાઈલ્સ લિમીટેડ

રજી. ઓફીસ : જીએચસીએલ હાઉસ, પંજાબી હોલ સામે, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯. (ગુજરાત). Ph. 079-26427818, 26427519
Email : secretarial@ghcltextiles.co.in; Website : www.ghcltextiles.co.in (CIN: L18101GJ2020PLC114004)

## પાંચમી વાર્ષિક સાધારણ સભા, રીમોટ ઈ-વોટિંગની માહિતી અને રેકોર્ડ તારીખ અંગેની નોટીસ

આથી અત્રે નોટીસ આપવામાં આવે છે કે કોર્પોરેટ કાર્ય મંત્રાલય (એમસીએ) દ્વારા તા. ૦૮.૦૪.૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તા. ૧૩.૦૪.૨૦૨૦ ના રોજનો પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તા. ૦૫.૦૫.૨૦૨૦ ના રોજનો પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને તે અનુસંધાને તેના અનુગામી તા. ૧૯.૦૯.૨૦૨૪ ના રોજનો પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ ના રોજ જારી કરાયેલ (હવેથી તેને સંયુક્ત રીતે એમસીએ પરિપત્રો તરીકે ઓળખીશું) તેમજ તા. ૧૨.૦૫.૨૦૨૦, ૦૫.૦૧.૨૦૨૩ અને ૦૩.૧૦.૨૦૨૪ ના રોજ સેબી દ્વારા જારી કરવામાં આવેલ પરિપત્ર (હવેથી તેને સંયુક્ત રીતે સેબી પરિપત્રો તરીકે ઓળખીશું) માં દર્શાવેલ માળખા અનુસાર ને સેબી ના નિયમ–૪૪ સાથે વાંચતા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) ના નિયમો–૨૦૧૫ (લિસ્ટીંગ રેગ્યુલેશન) અને લાગુ પડતા સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ (એસએસ–૨) અને અન્ય લાગુ પડતા કોઈ નિયમો હોય (જેમાં સામેલ છે કોઈ કાયદાકીય રીતે સુધારેલા અથવા સમયાંતરે તેમાં થતાં સુધારા–વધારાને લીધે હાલમાં અમલમાં આવતા) કંપની ના સભાસદોની ૫મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) વિડીયો કોન્ફરન્સીંગ (વીસી) અથવા અન્ય ઓડીયો વિઝ્યુઅલ સાધન (ઓએવીએમ) દ્વારા સોમવાર, જુલાઈ ૨૧, ૨૦૨૫ (સોમવાર, શ્રાવણ, કૃષ્ણપક્ષ – અગિયારસ, વિક્રમ સંવત ૨૦૮૨) ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે (ભારતીય સમય પ્રમાણે) રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત બધા જ પરિપત્રો સાથે સેબી દ્વારા જારી કરવામાં આવેલ પરિપત્રને વાંચતા તેમજ સેબી ધારો ૨૦૧૫ મુજબ કંપનીની ૫મી વાર્ષિક સભાની નોટીસ અને નાણાંકીય અહેવાલો (જેમાં સામેલ છે બોર્ડનો અહેવાલ, ઓડીટરોનો અહેવાલ અને તેને સંલગ્ન અન્ય જરૂરી દસ્તાવેજો સહિત) નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ (જેને સંયુક્ત રીતે વાર્ષિક અહેવાલ કહેવાય છે) ને ફક્ત ઈ–મેઈલ દ્વારા તેમના બધાજ સભાસદોને (તા. ૨૩.૦૫.૨૦૨૫ ના બેનેપોઝ રીપોર્ટ મુજબ) તેમના રજીસ્ટર્ડ ઈ–મેઈલ આઈડી ઉપર મોકલવો અને તેની કોઈપણ ભૌતિક કોપી મોકલવામાં આવશે નહીં. તેમ છતાં જો માંગણી કરવામાં આવશે તો નાણાંકીય અહેવાલોની ભૌતિક કોપી મોકલવામાં આવશે. આ વાર્ષિક અહેવાલ કંપનીના શેરો નોંધાયેલ છે તે બીએસઈ લિમિટેડ(www.bseindia.com) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) ની વેબસાઈટ તેમજ કંપનીની વેબસાઈટ (www.ghcltextiles.co.in) ઉપર પણ ઉપલબ્ધ છે.

એની ખાસ નોંધ લેવી કે કંપનીની ૫મી વાર્ષિક સભા વીસી / ઓએવીએમ દ્વારા યોજાતી હોવાથી અને તેથી કોઈપણ સભાસદ, ડાયરેક્ટર્સ, ઓડીટર્સ અને અન્ય લાયક સભ્યએ એજીએમ માં પ્રત્યક્ષ હાજર રહેવાની જરૂર નથી. એમસીએ પરિપત્ર અનુસાર ૫મી એજીએમ માં પ્રોક્ષીની નિમણુંક કરી હાજર રહીને વોટ આપવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. છતાંપણ બોડી કોર્પોરેટને તેના અધિકૃત વ્યક્તિની નિમણુંક કરીને વીસી / ઓએવીએમ દ્વારા યોજાતી ૫મી એજીએમ માં હાજર રહી ભાગ લઈ શકશે અને ઈ–વોટીંગ દ્વારા તેનો વોટ પણ આપી શકશે. સભાસદો, ડાયરેક્ટર્સ, ઓડીટર્સ અને અન્ય લાયક સભ્યો કે જેમને એજીએમનો પરિપત્ર મોકલેલ છે તે વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા મિટિંગના નક્કી કરેલ સમયના ૧૫ મિનિટ પહેલા હાજર રહી શકે છે. કંપની કાયદા ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ વીસી / ઓએવીએમ દ્વારા યોજાતી એજીએમ માં હાજર રહેલા સભાસદોની હાજરીની સંખ્યા કોરમના ઉદ્દેશથી ગણવામાં આવશે.

વાર્ષિક અહેવાલો તેમજ અન્ય દસ્તાવેજો શેરધારકોને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મોકલવા જીએચસીએલ ટેક્ષટાઈલ્સ લિમિટેડ (કંપની) દ્વારા તેમના સભાસદોને વિનંતિ કે જે સભાસદોના ઈ–મેઈલ આઈડી અને મોબાઈલ નંબર હજુસુધી નોંધાયેલ નથી તેમને જેમના શેરો ડીપોઝીટરી પાસે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં નોંધાયેલા છે તેમના ઈ–મેઈલ આઈડી અને મોબાઈલ નંબર નોંધાવવાના રહેશે અને જેમના શેરો ભૌતિક સ્વરૂપમાં નોંધાયેલા છે તેમને કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. (જુનું નામ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ.) સી–૧૦૧, ૨૪૭ પાર્ક, લા.બ.શા. માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૮૩. ફોન : +૯૧–૮૧૦૮૧૧૬૭૬૭, ઈ–મેઈલ : rnt.helpdesk@in.mpms.mufg.com પાસે નોંધાવવાના રહેશે.

સભાસદોને આથી જણાવવામાં આવે છે કે કંપની ધારો ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈને કંપનીઓના (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો–૨૦૧૪ ના સુધારેલા નિયમ–૨૦ સાથે વાંચતા અને સેબી દ્વારા ઉમેરાયેલા નિયમો–૨૦૧૫ ના નિયમ–૪૪ (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) ના અનુપાલનાર્થે કંપની તેના સભાસદોને સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિ. (સીડીએસએલ) દ્વારા પૂરી પાડવામાં આવેલી રીમોટ ઈ–વોટીંગ સેવાઓની સુવિધા નીચેના કામકાજ માટે આપી રહી છે.

**સામાન્ય કામકાજ :**

૧. કંપનીના માર્ચ ૩૧, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થતા નાણાંકીય વર્ષના ઓડીટ થયેલ વાર્ષિક નાણાકીય નિવેદનો અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ તેમજ ઓડીટર્સ ના નિવેદનોને મંજૂરી આપવી.

૨. કંપનીના ઈક્વિટી શેર ઉપર, માર્ચ ૩૧, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થતા નાણાકીય વર્ષ માટે ડિવિડન્ડ જાહેર કરવું.

૩. ક્રમાનુસાર નિવૃત્ત થતા શ્રી રવિ શંકર જાલાન (DIN : 00121260) ની કંપનીના ડાયરેક્ટર તરીકે પુનઃનિયુક્તિ.

**ખાસ કામકાજ :**

૪. ચંદ્રશેકરન એસોસીએટ્સ ની કંપનીના સેક્રેટરીયલ ઓડીટર તરીકેની નિમણુંકની સ્વીકૃતિ આપવી.

રીમોટ ઈ–વોટીંગના સમયગાળા દરમ્યાન જે સભાસદો તેમના શેરોને ડિમેટ દ્વારા કે ભૌતિક સ્વરૂપ દ્વારા કટ ઓફ તારીખ એટલે કે સોમવાર, જુલાઈ ૧૪, ૨૦૨૫ ના રોજ સુધીમાં ધારણ કરેલ હોય તેઓ ઈલેક્ટ્રોનિકલી મત આપવાનો અધિકાર ધરાવે છે. રીમોટ ઈ–વોટીંગ ગુરૂવાર, જુલાઈ ૧૭, ૨૦૨૫ (સવારના ૯:૦૦ કલાકે ભારતીય સમય પ્રમાણે) થી શરૂ થશે અને રવિવાર, જુલાઈ ૨૦, ૨૦૨૫ (સાંજના ૫:૦૦ કલાકે ભારતીય સમય પ્રમાણે) ના રોજ પૂરો થશે. આ સમયગાળા દરમ્યાન સભાસદો ઈલેક્ટ્રોનિકલી તેઓનો મત આપી શકશે. ત્યારબાદ સીડીએસએલ દ્વારા ઈ–વોટીંગ વ્યવસ્થા નિષ્ક્રીય કરી દેવામાં આવશે. રીઝોલ્યુશન અંગે એકવાર વોટ આપી દેવાયા પછી સભાસદને તે બદલવા દેવામાં નહીં આવે. જે સભાસદોએ રીમોટી ઈ–વોટીંગથી મતદાન કર્યુ નહી હોય, તેઓને સભા દરમ્યાન સભામાં ઉપસ્થિત રહીને મતદાન કરી શકશે. જે સભાસદોએ સભા પહેલા રીમોટ ઈ–વોટીંગ દ્વારા મતદાન કરી દીધું હશે તેઓ સભામાં હાજર રહી શક્શે. પરંતુ ફરીથી તેઓનો મત આપી શક્શે નહીં.

**ડિવિડન્ડ ની ચૂકવણી :**

સભાસદોએ નોંધવાનું કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તેની સોમવાર, મે ૦૫, ૨૦૨૫ ના રોજની બેઠકમાં ભરપાઈ થયેલ શેરમૂડી ઉપર રૂા. ૨/– ના એક શેર દીઠ રૂા. ૦.૫૦ (એટલે કે ૨૫%) અંતિમ ડિવિડન્ડ ચૂકવવાની ભલામણ કરાઈ છે. કંપનીના સભાસદો દ્વારા વાર્ષિક સાધારણ સભામાં જો તેને મંજૂરી આપવામાં આવશે તો તે સોમવાર, જુલાઈ ૨૧, ૨૦૨૫ કે તે પછી જે સભાસદોના નામ રેકોર્ડ તારીખ એટલે કે સોમવાર, જુલાઈ ૧૪, ૨૦૨૫ પહેલા કંપનીના સભાસદ તરીકે અથવા લાભાર્થી સભાસદ તરીકે નોંધાયેલ હશે તેમને જ ચૂકવવામાં આવશે. આ અંતિમ ડિવિડન્ડ ફક્ત ઈલેક્ટ્રોનીકલી માધ્યમ દ્વારા જ વિવિધ ઓનલાઈન ટ્રાન્સફર મોડમાં તેના સભાસદો કે જેમણે તેમની બેંકના ખાતાની વિગતો અપડેટ કરાવી હશે તેમને ચૂકવવામાં આવશે. જે સભાસદોએ તેમના બેંકના ખાતાની વિગતો અપડેટ નહીં કરાવી હોય તેમને તેમના ડિવિડન્ડ વોરંટ / ડિમાન્ડ ડ્રાફ્ટ / ડિવિડન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ અંગેની ઈન્ટીમેશન વિગેરે તેમની નોંધાયેલા સરનામા ઉપર મોકલવામાં આવશે. સભાસદોને એ જણાવવાનું કે ઈન્કમટેક્ષ કાયદો–૧૯૬૧ (આઈટી એક્ટ) મુજબ અને તેમાં ફાઈનાન્સ એક્ટ, ૨૦૨૦ માં થયેલ સુધારા અનુસાર ચૂકવેલ અથવા તા. એપ્રિલ ૦૧, ૨૦૨૦ બાદ કંપની દ્વારા વહેંચણી કરાયેલ ડિવિડન્ડ ને સભાસદો માટે કરપાત્ર ગણાય છે અને કંપની દ્વારા આ ડિવિડન્ડ ઉપર દર્શાવેલ દર મુજબ ટેક્ષ ડિડક્ટેડ એટ સોર્સ (ટીડીએસ) કાપવાનો રહેશે જે એજીએમ માં સભાસદો દ્વારા અપાયેલ મંજૂરીને આધિન રહેશે. ટીડીએસ ના રેટ સભાસદોના રહેણાંક સ્ટેટસ અને તેમના દ્વારા કંપની પાસે જમા કરાવેલ દસ્તાવેજો અને કંપની દ્વારા તેને અપાયેલ સ્વીકૃતી મુજબ અલગ–અલગ રહેશે. આ બાબતે વિગતવાર માહિતી અને તે અંગેની જરૂરી પ્રક્રીયાની સ્વીકૃતી તેમજ જરૂરી ટેક્ષ રેટ મેળવવા જમા કરાવવાના દસ્તાવેજો અંગેની માહિતી માટે એક અલગ ઈમેઈલ સભાસદોને સોમવાર, જૂન ૦૯, ૨૦૨૫ ના રોજ મોકલવામાં આવેલ છે. વિગતવાર ટેક્ષ રેટ, ટેક્ષ માફી અંગેના ફોમ અને આ લાગુ પડતા ટેક્ષ રેટ મેળવવા માટેના અન્ય જરૂરી દસ્તાવેજો વિગેરે આરટીએની વેબસાઈટ એટલેકે એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. (જુનું નામ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ.) https://web.in.mpms.mufg.com/formsreg/submission-of-form-15g-15h.html ઉપર ઉપલબ્ધ છે. સભાસદોને વિનંતિ કે આઈટી કાયદાની જોગવાઈઓ મુજબના જરૂરી દસ્તાવેજો જમા કરાવવા વિનંતિ.

સભાસદોને વિનંતી સાથે જણાવવાનું કે તા. ૦૭.૦૫.૨૦૨૪ ના સેબી દ્વારા જારી કરવામાં આવેલ માસ્ટર પરીપત્ર નં. SEBI/HO/MIRSD/POD-1/P/CIR/2024/37 ને સેબીના તા. ૧૦.૦૬.૨૦૨૪ ના પરીપત્ર નં. SEBI/HO/MIRSD/POD-1/P/CIR/ 2024/81 સાથે વાંચતા જે સભાસદો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે તેમને તેમના પાન અને સંપર્ક ની વિગતો (એટલે કે પિન કોડ સહિત સરનામું અને મોબાઈલ નંબર) બેંક એકાઉન્ટની વિગતો, જે તે ફોલીયો નંબર માટે નોંધાયેલ સહી આપવી જરૂરી છે. સભાસદો આ વિગતોની નોંધણી/અપડેટ માટેના જરૂરી ફોમ આઈએસઆર–૧ અને અન્ય જરૂરી ફોમ માટે કંપનીના રજીસ્ટ્રાર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ), એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. (જુનું નામ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ.) નો સંપર્ક કરવો. સભાસદો આને લગતા ફોમ કંપનીની વેબસાઈટ https://ghcltextiles.co.in/claim-procedure-physical-shares ઉપર થી પણ મેળવી શકશે. વધુમાં આવા ફોલીયો નંબર કે જેમાં ઉપરોક્ત વિગતો નોંધાયેલ નથી તેઓ પણ તા. ૦૧.૦૪.૨૦૨૪ થી અસરમાં આવે તે રીતે કોઈપણ ચૂકવણી જેમાં ડિવિડન્ડ પણ સામેલ છે તે ફક્ત ઈલેક્ટ્રોનીક મોડમાં મેળવવા પાત્ર રહેશે. આવા સભાસદોને કંપની દ્વારા સૂચિત કરવામાં આવેલ હતા કે તેમની જરૂરી વિગતો કંપની પાસે નોંધાયેલ નથી, તેમના પેમેન્ટ કંપની પાસે ડ્યુ છે તેને રોકી રાખેલ છે. વધુમાં તે ઉપરોક્ત જરૂરી વિગતોને અપડેટ કર્યા બાદ ઈલેક્ટ્રોનીકલી ચૂકવવામાં આવશે. એકાંતરે આપ આપનું ઈમેઈલ કામચલાઉ રીતે નાણાંકીય વર્ષ–૨૦૨૪–૨૫ ના વાર્ષિક અહેવાલોની વિગતો માટે કંપનીના આરટીએ પાસે શુક્રવાર, જૂન ૨૦, ૨૦૨૫ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા નોંધાવીને આપેલ લિંક https://web.in.mpms.mufg.com/EmailReg/Email_Register.html ઉપર મુલાકાત લઈ મેળવી શકશો. ઉપરોક્ત વિગતો એમસીએ અને સેબી પરીપત્રોની પૂર્તતા કરતા કંપનીના બધા જ સભાસદોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવેલ છે. સભાસદો આ માટે કંપનીના આરટીએ, એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. (જુનું નામ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ.) (યુનિટ જીએચસીએલ ટેક્ષટાઈલ્સ લિ.) સી–૧૦૧, ૨૪૭ પાર્ક, લા.બ.શા. માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૮૩. ફોન : +૯૧–૮૧૦૮૧૧૬૭૬૭, ઈ–મેઈલ : rnt.helpdesk@in.mpms.mufg.com નો સંપર્ક કરવો.

**રીમોટ ઈ-વોટીંગ કરવા માટે સભાસદોને જરૂરી માહિતી નીચે મુજબ છે :**

**સ્ટેપ ૧ : ડિમેટ સ્વરૂપમાં શેરધરાવતા વ્યક્તિગત સભાસદો માટે સીડીએસએલ / એનએસડીએલ ઈ-વોટીંગ સિસ્ટમ દ્વારા ઉપયોગ કરવાની બાબતે :**

૧. તા. ૦૯.૧૨.૨૦૨૦ ના રોજના સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD/CIR/P/2020/242 અનુસાર નોંધાયેલી કંપનીઓએ તેમના વ્યક્તિગત સભાસદો કે જેઓ તેમના શેર ડિમેટ સ્વરૂપમાં ધારણ કરે છે અને તેઓ ડિપોઝીટરીઝ અને ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ પાસે તેમનું ડિમેટ એકાઉન્ટ મેઈન્ટેઈન કરે છે, તેમને ઈ–વોટીંગ સુવિધા પૂરી પાડવાની રહેશે. સભાસદોને વિનંતિ કે તેમના ડિમેટ એકાઉન્ટ દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આઈડી અપડેટ રાખવા કે જેથી તેઓ ઈ–વોટીંગ સુવિધા સરળતાથી મેળવી શકે.

દરેક ડિમેટ ધારકો માટે વોટીંગ પ્રક્રીયાની સુવિધાઓને સરળ અને કાર્યક્ષમ બનાવવા માટે ડિપોઝીટરીઝ અને ડિપોઝીટરી પાર્ટીશીપન્ટની વેબસાઈટ દ્વારા તેમના ડિમેટ ધારકોને એક સિંગલ લોગ–ઈન ક્રેડેન્શીયલ પૂરી પાડવામાં આવશે જેના દ્વારા તેમને ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડર (ઈએસપીસ) પાસે ફરીથી રજીસ્ટર કર્યા વગર વોટ આપી શકે એટલુ જ નહીં પરંતુ તે ઈ–વોટીંગ પ્રક્રીયામાં સરળતાથી ભાગ લઈ તેને વધુ સારી રીતે ઉપયોગ કરી શકે.

સેબી પરિપત્ર અનુસાર ડિમેટ સ્વરૂપમાં (સીડીએસએલ / એનએસડીએલ) શેર ધરાવનાર વ્યક્તિગત શેર ધારકો માટે ઈ–વોટીંગમાં લોગ–ઈન કરવાની વર્ચ્યુઅલ સભામાં જોડાવા માટે પ્રદ્ધતિ નીચે મુજબ છે.

| સભાસદોનો પ્રકાર | લોગ-ઈનની પદ્ધતિ |
|---|---|
| સીડીએસએલ પાસે ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવનાર વ્યક્તિગત સભાસદો | **એ. હાલના યુઝર કે જેમણે ઈઝી / ઈઝીએસ્ટ સુવિધા લીધેલ છે.**<br>૧. જે યુઝરોએ સીડીએસએલની ઈઝી / ઈઝીએસ્ટ સુવિધા લીધેલ હોય તેઓ તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડ દ્વારા લોગ–ઈન કરી શકશે. તેમના માટે કોઈપણ વધારાનું ઓથેન્ટીકેશન વગર ઈ–વોટીંગ પેજ ઉપર જવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. ઈઝી / ઈઝીએસ્ટ યુઝરો માટે લોગ–ઈન કરવા માટે સીડીએસએલની વેબસાઈટ : www.cdslindia.com ઉપર જવું અને લોગ–ઈન આઈકોન ઉપર ક્લીક કરી ન્યુ સિસ્ટમ માયઈઝી સીલેક્ટ કરવું.<br>૨. સફળતાથી લોગ–ઈન થયા બાદ ઈઝી / ઈઝીએસ્ટ યુઝર લાયક કંપનીનું ઈ–વોટીંગ મેનુ જોઈ શકશે કે જ્યાં કંપની દ્વારા પૂરી પડાયેલ માહિતી પ્રમાણેની ઈ–વોટીંગ પ્રક્રીયા ચાલતી હશે. ઈ–વોટીંગ મેનુ ઉપર ક્લીક કરીને યુઝર ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડર દ્વારા બનાવેલ ઈ–વોટીંગ પેજ જોઈ શકશો અને રીમોટ ઈ–વોટીંગ સમયગાળા દરમ્યાન તમારો વોટ આપી શકશો અથવા વર્ચ્યુઅલ સભામાં જોડાઈ શકશો તેમજ સભા દરમ્યાન મત આપી શકશો. વધુમાં બધા જ ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડર દ્વારા સિસ્ટમનો ઉપયોગ કરવા માટે એક લિંક પણ પૂરી પાડવામાં આવશે જેનાથી યુઝર ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટનો સીધો જ ઉપયોગ કરી શકશે.<br>**બી. યુઝર કે જેમણે ઈઝી / ઈઝીએસ્ટ સુવિધા લીધેલ નથી.**<br>જો યુઝર એ ઈઝી / ઈઝીએસ્ટ વિકલ્પ પર રજીસ્ટર ન હોય તો તેમને રજીસ્ટર કરવા માટે સીડીએસએલની વેબસાઈટ : www.cdslindia.com અને લોગ–ઈન પર ક્લીક કરવું અને ન્યુ સિસ્ટમ માય ઈઝી ટેબ પર જઈ રજીસ્ટ્રેશનનો વિકલ્પ પસંદ કરવો.<br>**સી. સીડીએસએલની ઈ-વોટીંગ વેબસાઈટની મુલાકાત લેવી.**<br>યુઝર સીધા જ www.cdslindia.com ના હોમ પેજ ઉપર ડિમેટ એકાઉન્ટ નંબર અને પાન નંબર લખી ઈ–વોટીંગ પેજનો ઉપયોગ કરી શકશે. સિસ્ટમ યુઝર દ્વારા ડિમેટ એકાઉન્ટમાં જણાવેલ રજીસ્ટર્ડ મોબાઈલ અને ઈ–મેઈલ ઉપર ઓટીપી મોકલી ઓથોરાઈઝ કરશે. સફળતાથી ઓથોરાઈઝ કર્યા બાદ યુઝર ઈ–વોટીંગ પ્રક્રીયા માટેનું ઈ–વોટીંગ કરવાનું વિકલ્પ જોઈ શકશે અને બધા જ ઈ–વોટીંગના સર્વિસ પ્રોવાઈડર્સની સિસ્ટમ્સમાં સીધા જ વોટ કરવા જઈ શકશે. |
| એનએસડીએલ પાસે ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવનાર વ્યક્તિગત સભાસદો | **એ. પહેલેથી જ એનએસડીએલ IDeAS સુવિધામાં રજીસ્ટર્ડ હોવ તો**<br>૧. એનએસડીએલની ઈ–સર્વિસીસ વેબસાઈટની મુલાકાત લો. આપના કોમ્પ્યુટર અથવા મોબાઈલમાં URL: https://eservices.nsdl.com લખી વેબ બ્રાઉઝર ઓપન કરો.<br>૨. એકવાર ઈ–સર્વિસીસનું હોમ પેજ ખુલી જશે પછી આપ બેનીફીશીયર ઓનર આઈકોન ઉપર ક્લીક કરી IDeAS સેક્શન હેઠળ લોગ–ઈન કરી શકશો.<br>૩. નવી ટેબ ખુલશે જેમાં આપ લોગ–ઈન આઈડી પાસવર્ડ નાખી શકશો. સફળતાપૂર્વક અધિકૃત થયા બાદ આપ ઈ–વોટીંગ સર્વિસીસ જોઈ શકશો.<br>૪. ઈ–વોટીંગ સર્વિસ હેઠળ ''એક્સેસ ટુ ઈ–વોટીંગ'' ઉપર ક્લીક કરીને તમે ઈ–વોટીંગ પેજ જોઈ શકશો.<br>૫. કંપની નામ અથવા ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરના નામ ઉપર ક્લીક કરવાથી આપને ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ ઉપર લઈ જશે જ્યાં આપ આપનો વોટ રીમોટ ઈ–વોટીંગ દરમ્યાન અથવા વર્ચ્યુઅલ સભામાં જોડાઈ અને સભા દરમ્યાન વોટ આપી શકશો.<br>**બી. યુઝર IDeAS ઈ-સુવિધામાં રજીસ્ટર્ડ ન હોય**<br>જો આપ IDeAS ઈ–સર્વિસીસમાં રજીસ્ટર્ડ ન હોવ તો આપના માટે https://eservices.nsdl.com રજીસ્ટર્ડ થવા માટેનો વિકલ્પ ઉપલબ્ધ છે. IDeAS પોર્ટલ ઉપર ઓનલાઈન રજીસ્ટર કરો અથવા ક્લીક કરો https://eservices.nsdl.com/SecureWeb/IdeasDirectReg.jsp સફળતાપૂર્વક રજીસ્ટ્રેશન કર્યા બાદ આપનો વોટ આપવા માટે નીચે મુજબના સ્ટેપ ને અનુસરો.<br>**સી. એનએસડીએલની ઈ-વોટીંગની વેબસાઈટની મુલાકાત લો.**<br>૧. એનએસડીએલની ઈ–વોટીંગની વેબસાઈટની મુલાકાત લો. આપના કોમ્પ્યુટર અથવા મોબાઈલમાં URL: https://www.evoting.nsdl.com/ લખી ઈ–વોટીંગ સિસ્ટમનું હોમ પેજ ખુલશે.<br>૨. જેમાં શેર હોલ્ડર/સભાસદ વિભાગ અંતર્ગત લોગ–ઈન નો આઈકોન ખુલશે અને નવી સ્ક્રીન ખુલશે. આપે આપનો યુઝર આઈડી (આપના એનએસડીએલમાં ધારણ કરેલ ડિમેટ એકાઉન્ટનો ૧૬ આંકડાનો નંબર, પાસવર્ડ/ઓટીપી અને સ્ક્રીનમાં દર્શાવેલ એક વેરીફીકેશન કોડ નાખવાનો રહેશે).<br>૩. સફળતાપૂર્વક અધિકૃત કર્યા બાદ આપને એનએસડીએલ ડિપોઝીટરી ની વેબસાઈટ ઉપર લઈ જવામાં આવશે, જ્યાં આપ ઈ–વોટીંગ પેજ જોઈ શકશો. કંપની નામ અથવા ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરના નામ ઉપર ક્લીક કરવાથી આપને ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ ઉપર લઈ જશે જ્યાં આપ આપનો વોટ રીમોટ ઈ–વોટીંગ દરમ્યાન વોટ આપી શકશો. |
| ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ્સ દ્વારા લોગ–ઈન કરનાર (ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવનાર) વ્યક્તિગત સભાસદો | આપ ઈ–વોટીંગ સુવિધા માટે આપના ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ એનએસડીએલ / સીડીએસએલ સાથે રજીસ્ટર્ડ થઈ આપના ડિમેટ એકાઉન્ટના લોગ–ઈન ક્રેડેન્શીયલનો ઉપયોગ કરી લોગ–ઈન કરી શકો છો. સફળતાપૂર્વક લોગ–ઈન કર્યા બાદ આપ ઈ–વોટીંગ વિકલ્પ જોઈ શકો છો. એકવાર તમે ઈ–વોટીંગ વિકલ્પ ઉપર ક્લીક કરશો તો એ તમને એનએસડીએલ / સીડીએસએલ ડિપોઝીટરીની સાઈટ ઉપર સફળતાપૂર્વક ઓથેન્ટીકેશન કરાવશે, જ્યાં તમે ઈ–વોટીંગના ફીચર્સ જોઈ શકશો. કંપનીનું નામ અથવા ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરના નામ ઉપર ક્લીક કરવાથી તે તમને ઈ–વોટીંગ સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ ઉપર લઈ જશે, જ્યાં તમે રીમોટ ઈ–વોટીંગ સમયગાળા દરમ્યાન તમારો વોટ આપી શકશો અથવા વર્ચ્યુઅલ સભામાં જોડાઈ શકશો અને સભા દરમ્યાન વોટ આપી શકશો. |

૨. જે સભાસદો પોતાનો યુઝર આઈડી/પાસવર્ડ ભુલી ગયા હોય તો તેઓ તેને પરત મેળવવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટમાં ફરગોટ યુઝર આઈડી અને ફરગોટ પાસવર્ડ નો વિકલ્પ ઉપર ઉપલબ્ધ છે.

**સ્ટેપ ૨ : ભૌતિક સ્વરૂપમાં શેરધરાવતા સભાસદો અને ડિમેટ સ્વરૂપમાં વ્યક્તિગત સિવાયના સભાસદો માટે સીડીએસએલ ઈ-વોટીંગ સિસ્ટમ દ્વારા ઉપયોગ કરવાની બાબતે :**

**સભાસદો (એચયુએફ સહીત) વ્યક્તિગત સિવાયના સભાસદો અને ભૌતિક સભાસદો માટે ઈ-વોટીંગ માટે લોગ-ઈનની સૂચનાઓ :**

(૧) ઈ–વોટીંગ વેબસાઈટ www.evotingindia.com પર લોગ–ઈન કરો.
(૨) સભાસદોના ટેબ ઉપર ક્લીક કરવું.
(૩) હવે તમારો યુઝર આઈડી લખો,
- સીડીએસએલ માટે : ૧૬ આંકડાનો બેનીફીશીયરી આઈડી લખો.
- એનએસડીએલ માટે : ૮ અક્ષરનો ડીપી આઈડી પછી ૮ આંકડાનો ક્લાયન્ટ આઈડી લખો.
- જે સભાસદો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે તેમણે કંપની દ્વારા રજીસ્ટર કરેલો ફોલીયો નંબર લખવો.

(૪) ત્યારબાદ સ્ક્રીન ઉપર દેખાતી ઈમેજ લખીને વેરીફીકેશન કરો અને લોગ–ઈન ઉપર ક્લીક કરો.
(૫) જો તમે શેર ડિમેટ સ્વરૂપમાં ધારણ કરતા હોવ અને www.evotingindia.com પર લોગ–ઈન કરેલ હોય અને અગાઉ કોઈપણ કંપની માટે વોટીંગ કરેલ હોય તો પછી તમે તે જ પાસવર્ડ વાપરીને ઈ–વોટીંગ કરી શકશો.
(૬) જો તમે પહેલીવાર ઉપયોગ કરી રહ્યા હોવ તો નીચેના પ્રમાણે અનુસરો.

| | ભૌતિક સ્વરૂપમાં શેરધરાવતા સભાસદો અને ડિમેટ સ્વરૂપમાં વ્યક્તિગત સિવાયના સભાસદો માટે |
|---|---|
| પાન* | આયકર વિભાગ તરફથી જારી કરવામાં આવેલ આપનો ૧૦ આંકડાનો આલ્ફા–ન્યુમેરીક પાન નંબર દર્જ કરો. (ડિમેટ સ્વરૂપમાં અને ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવનાર બન્ને પ્રકારના શેરધારકોને લાગુ પડશે.)<br>જે સભાસદોએ કંપની / ડિપોઝીટરી પાસે પાન નંબર રજીસ્ટર નથી કરાવ્યો તેમને વિનંતી કે તેઓ કંપની/આરટીએ દ્વારા મોકલેલ ક્રમાંક નંબરનો ઉપયોગ કરવો અથવા કંપની/આરટીએ નો સંપર્ક કરવો. |
| ડિવિડન્ડ બેંકની વિગતો અથવા જન્મ તારીખ | લોગ–ઈન કરવા માટે કંપનીમાં અથવા ડિમેટ એકાઉન્ટમાં રજીસ્ટર કરાવેલ બેંકની વિગતો અથવા તમારી જન્મ તારીખ dd/mm/yyyy ના ફોર્મેટમાં લખો.<br>જો આ બન્ને વિગતો ડિપોઝીટરી અથવા કંપની પાસે નોંધાવેલ ન હોય તો ડિવિડન્ડ બેંકની વિગતોમાં આપનો સભાસદ આઈડી/ફોલીયો નંબર લખો. |

(૭) આ દરેક વિગતો વ્યવસ્થિત દર્જ કર્યા પછી સબમીટ ટેબ ઉપર ક્લીક કરો.
(૮) જે સભાસદો ભૌતિક સ્વરૂપમાં શેરધારણ કરે છે તેઓ સીધા જ કંપની સિલેક્શન સ્ક્રીન ઉપર પહોંચી જશે. અને જે સભાસદો ડિમેટ સ્વરૂપમાં શેરધારણ કરે છે તેઓ પાસવર્ડ ક્રિએશન મેનુ ઉપર પહોંચશે. ત્યારબાદ તેમને પાસવર્ડ ખાનામાં લોગ–ઈન પાસવર્ડ ફરજીયાત દર્જ કરવાનો રહેશે. સભાસદોએ ધ્યાનમાં રાખવાનું કે આ પાસવર્ડ ડિમેટ શેરધારકો કોઈ કંપની કે જેમણે સીડીએસએલ ના પ્લેટફોર્મ ઉપર ઈ–વોટીંગ પ્રક્રીયા શરૂ કરેલ હોય તે દરેક કંપનીના વોટીંગ રીઝોલ્યુશનમાં વોટ કરવા માટે વાપરી શકશે.
(૯) જે સભાસદો ભૌતિક સ્વરૂપમાં શેરધારણ કરે છે તેમની વિગતો ફક્ત આ નોટીસના ઈ–વોટીંગ પ્રક્રીયા માટે જ વાપરી શકશે.
(૧૦) ઈવીએસએન ઉપર ક્લીક કરી જરૂરી (કંપનીના નામ) કે જેને માટે તમારે વોટ આપવાનો છે તેને પસંદ કરો.
(૧૧) વોટીંગ પેજ ઉપર તમે જોશો ''રીઝોલ્યુશન ડિસ્ક્રીપ્શન'' અને તેની સામે હા / ના વિકલ્પ વોટીંગ માટે હશે. તમને જેને પસંદ કરવું હોય તેની સામે હા કે ના નો વિકલ્પ પસંદ કરો. વિકલ્પ હા એટલે તમે રીઝોલ્યુશનને સહમત છો અને ના એટલે તમે રીઝોલ્યુશનને અસહમત છો.
(૧૨) જો તમારે રીઝોલ્યુશનની સંપૂર્ણ વિગતો જાણવી હોય તો ''રીઝોલ્યુશન ફાઈલ લિંક'' ઉપર ક્લીક કરો.
(૧૩) રીઝોલ્યુશન પસંદ કરીને વોટ આપ્યા પછી સબમીટ ઉપર ક્લીક કરો. કન્ફરમેશનનું બોક્સ દેખાશે. જો તમારે વોટ કન્ફર્મ કરવો હોય તો ઓકે ઉપર ક્લીક કરો અન્યથા જો તમારે વોટ બદલવો હોય તો કેન્સલ ઉપર ક્લીક કરો અને તે પ્રમાણે તમારા વોટમાં ફેરબદલ કરો.
(૧૪) એકવાર રીઝોલ્યુશન ઉપર વોટ કન્ફર્મ કર્યા પછી તમને તમારા વોટમાં ફેરબદલ કરવાની અનુમતિ નથી.
(૧૫) તમે વોટીંગ પેજના વિકલ્પમાં જઈ ક્લીક હીયર ટુ પ્રીન્ટ ઉપર ક્લીક કરી ઠરાવ ઉપર કરેલ તમારા વોટીંગની પ્રીન્ટ આઉટ મેળવી શકશો.
(૧૬) જો તમે ડિમેટ એકાઉન્ટ ધારક હોવ અને તમારો પાસવર્ડ બદલવાનું ભુલી ગયા હોવ તો યુઝર આઈડી દર્જ કરી ઈમેજ વેરીફીકેશન કોર્ડ લખી ફરગોટ પાસવર્ડ ઉપર ક્લીક કરી સિસ્ટમ દ્વારા માંગેલ જરૂરી વિગતો દર્જ કરવાથી મેળવી શકાશે.
(૧૭) બીઆર / પાવર ઓફ એટર્ની અપલોડ કરવાનો વિકલ્પ આપેલ છે અને જો તે અપલોડ કરેલ હોય તો તે સ્ક્રુટીનાઈઝર પાસે વેરીફીકેશન કરાવવાની સુવિધા ઉપલબ્ધ છે.

**નોન-વ્યક્તિગત શેરધારકો અને કસ્ટોડીયન્સ માટે ફક્ત રીમોટ વોટીંગ માટેની નોંધ**

સ્ટેપ–૧ નોન–વ્યક્તિગત સભાસદો (એટલે કે વ્યક્તિગત, એચયુએફ, એનઆરઆઈ વગેરે સિવાયના અન્ય) અને કસ્ટોડીયનોએ www.evotingindia.com પર લોગ–ઈન કરી અને પોતાને કોર્પોરેટ્સ મોડ્યુલમાં રજીસ્ટર કરાવવાનું રહેશે.
સ્ટેપ–૨ કંપનીના સહી અને સિક્કાવાળુ રજીસ્ટ્રેશન ફોર્મ સ્કેન કરી તેને helpdesk.evoting@cdslindia.com પર ઈમેઈલ કરવાનું રહેશે.
સ્ટેપ–૩ લોગ–ઈન ની વિગતો મળ્યા પછી એડમિન લોગ–ઈન અને પાસવર્ડનો ઉપયોગ કરી સહમત યુઝર બનાવવાનો રહેશે. સહમત યુઝર આ એકાઉન્ટ સાથે લિંક કરવાથી પોતાનો વોટ આપી શકશે.
સ્ટેપ–૪ જે ખાતા લિંક થયા હશે આ ખાતાનું લિસ્ટ સ્વયં જ મેપ થઈ જશે અને જો કોઈ ખોટી રીતે મેપ થયું હશે તેને ડિ–લિંક પણ કરી શકાશે.
સ્ટેપ–૫ તેમને કસ્ટોડીયનની તરફેણમાં જારી કરેલ બોર્ડ ઓફ રીઝોલ્યુશન અને પાવર ઓફ એટર્ની ની સ્કેન કોપી પીડીએફ ફોર્મેટમાં અપલોડ કરવાની રહેશે અને સ્ક્રુટીનાઈઝર તેની ચકાસણી કરશે.
સ્ટેપ–૬ જો વ્યક્તિગત ટેબમાં વોટ આપેલ હોય અને સીડીએસએલ ઈ–વોટીંગ સિસ્ટમમાં તે દસ્તાવેજ સ્ક્રુટીનાઈઝ કરવા અપલોડ ન કરેલ હોય તો તેવા નોન–વ્યક્તિગત સભાસદોને વિનંતિ કે તેમના જરૂરી બોર્ડ ઓફ રીઝોલ્યુશન અને ઓથોરાઈઝ લેટર ની કોપી સાથે તેના ઉપર ઓથોરાઈઝ્ડ સિગ્નેટરીની સહી કે જેની પાસે વોટ કરવાની સત્તા છે તેની સહી સાથે કંપનીની સભાના ૪૮ કલાક પહેલા secretarial@ghcltextiles.co.in ઉપર મોકલવાની રહેશે.

૧. **સભાસદો માટે એજીએમ ના દિવસે ઈ-વોટીંગ સિસ્ટમ દ્વારા વોટીંગ કરવા માટેની માહિતી નીચે મુજબ છે.**

૧. એજીએમ ના દિવસે ઈ–વોટીંગ કરવાની પ્રક્રીયાની માહિતી એ ઉપર જણાવેલ રીમોટ ઈ–વોટીંગ પ્રક્રીયાની માહિતી મુજબ જ છે.
૨. ઉપરોક્ત જણાવેલ ઈ–વોટીંગની માહિતી મુજબ સફળતાપૂર્વક લોગ–ઈન કર્યા બાદ વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા યોજાનાર સભામાં હાજર રહેવા માટેની લિંક કંપનીના ઈવીએસએનમાં ઉપલબ્ધ થશે.
૩. જે સભાસદે રીમોટ ઈ–વોટીંગ દ્વારા વોટ આપ્યો હશે તે એજીએમમાં હાજર રહેવા લાયક ગણાશે પરંતુ તે એજીએમમાં વોટ આપવા લાયક ગણાશે નહીં.
૪. સભાસદોને સભાના સારા અનુભવ માટે લેપટોપ / આઈપેડ દ્વારા સભામાં જોડાવા વિનંતી છે.
૫. વધુમાં સભાસદોને સભા દરમ્યાન કોઈ વિઘ્ન ન આવે તે માટે સારી ઝડપ ધરાવતા ઈન્ટરનેટ અને કેમેરાનો ઉપયોગ કરવા વિનંતી.
૬. સભાસદોને જણાવવાનું કે તેમના લેપટોપ કે ટેબલેટને મોબાઈલ કે મોબાઈલ હોટસ્પોટ દ્વારા કનેક્ટ કરતા મોબાઈલ નેટવર્કમાં ફ્લક્ચ્યુએશનના કારણે જો ઓડીયો/વિડીયો માં આકસ્મિક ક્ષતિ કે લોસ થવાની સંભાવનાને લીધે સ્ટેબલ વાઈફાઈ કે લેન કનેકશન વાપરવાની ભલામણ કરવામાં આવે છે.
૭. જે સભાસદોને સભા દરમ્યાન તેમના મંતવ્ય રજૂ કરવા કે કોઈ પ્રશ્ન પૂછવો હોય તો તેણે સભાની તારીખના ૭ દિવસ પહેલા પોતાનુ નામ, ડીમેટ એકાઉન્ટ નંબર, ફોલીયો નંબર, ઈમેઈલ આઈડી, મોબાઈલ નંબર વિગેરે કંપનીના ઈમેઈલ આઈડી secretarial@ghcltextiles.co.in ઉપર મોકલી પોતાનું નામ સભામાં સ્પીકર તરીકે નોંધાવવાનું રહેશે. સભાસદને એજીએમ દરમ્યાન બોલવું નથી પરંતુ કોઈ પ્રશ્ન હોય તો સભાસદે તેનો પ્રશ્ન સભાની તારીખના ૭ દિવસ પહેલા પોતાનુ નામ, ડીમેટ એકાઉન્ટ નંબર, ફોલીયો નંબર, ઈમેઈલ આઈડી, મોબાઈલ નંબર વિગેરે કંપનીના ઈમેઈલ આઈડી secretarial@ghcltextiles.co.in ઉપર મોકલવાનો રહેશે. આ પ્રશ્નનો જવાબ કંપનીને અનુકૂળ આવે તે રીતે ઈમેઈલ દ્વારા આપવામાં આવશે.
૮. જે સભાસદોએ તેમનું નામ સ્પીકર તરીકે નોંધાવેલ હોય તેઓને સભા દરમ્યાન ફક્ત તેમના મંતવ્ય રજૂ કરવાની કે પ્રશ્ન પુછવાની મંજૂરી આપવામાં આવશે.
૯. ફક્ત તે જ સભાસદો / સભાસદો જે એજીએમમાં વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા હાજર હશે અને જેમણે રીઝોલ્યુશન ઉપર રીમોટ ઈ–વોટીંગ દ્વારા પોતાનો વોટ નહીં આપ્યો હોય કે તેમ કરતા તેમને રોક્યા ન હોય તેઓ એજીએમ ના દિવસે રીમોટ ઈ–વોટીંગ સિસ્ટમની સુવિધા દ્વારા વોટ આપવા માટે લાયક ગણાશે.
૧૦. જો કોઈ સભાસદે એજીએમ ના દિવસે રીમોટ ઈ–વોટીંગ દ્વારા વોટ આપ્યો હશે અને જો તે સભાસદ વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા યોજાયેલ સભામાં ભાગ લીધો નહીં હોય તો આ સભાસદ દ્વારા કરેલ વોટને રદબાતલ ગણાશે. કેમકે ઈ–વોટીંગની સુવિધા ફક્ત તે જ સભાસદ માટે ઉપલબ્ધ છે જેમણે સભામાં ભાગ લીધેલ હશે.
૧૧. જે સભાસદે રીમોટ ઈ–વોટીંગ દ્વારા વોટ આપ્યો હશે તે એજીએમમાં હાજર રહેવા લાયક ગણાશે પરંતુ તે એજીએમમાં વોટ આપવા લાયક ગણાશે નહીં.

૨. **સભાસદો માટે વીસી / ઓએવીએમ દ્વારા યોજાનાર એજીએમ માં ભાગ લેવા માટે માહિતી નીચે મુજબ છે.**

૧. સભાસદોને વીસી/ઓએવીએમ દ્વારા યોજાનાર એજીએમ માં ભાગ લેવા માટેની સુવિધા સીડીએસએલ ઈ–વોટીંગ સિસ્ટમ દ્વારા પૂરી પડાશે. સભાસદ https://www.evotingindia.com દ્વારા સભાસદ/સભાસદ લોગ–ઈન હેઠળ રીમોટ ઈ–વોટીંગ ક્રેડેન્શીયલનો ઉપયોગ કરી લોગ–ઈન કરી શકશો. શેરધારકો/સભાસદોને વીસી/ઓએવીએમ લોગ–ઈન ની લિંક કંપનીના ઈવીએસએન ઉપર ડિસ્પલે કરાશે.
૨. સભાસદોને વિનંતી કે સભાનો સારો અનુભવ મેળવવા લેપટોપ કે પર્સનલ કોમ્પ્યુટરનો ઉપયોગ કરવો.
૩. વધુમાં, સભાસદોએ સભા દરમ્યાન કેમેરાનો ઉપયોગ મંજૂર કરવાનો તેમજ કોઈપણ બાધા ન આવે તે માટે સારી સ્પીડવાળા ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે.
૪. એની નોંધ લેવી કે ભાગ લેનાર સભાસદ જો મોબાઈલ અથવા ટેબલેટ અથવા લેપટોપને મોબાઈલ હોટસ્પોટ દ્વારા કનેક્ટ કરશે અને તેમને ઓડીયો વ્યુઝ્યુઅલ લોસ કે તેમના નેટવર્કમાં ફ્લક્ચ્યુએશન આવી શકે છે. આથી તેમને સલાહ આપવાની કે તેઓ ઉપરોક્ત અસુવિધાઓ ટાળવા વાઈ–ફાઈ કે લેન નો ઉપયોગ કરે.
૫. સભાસદો કે જેમને સભા દરમ્યાન તેમના વ્યુ કે કોઈ સવાલ પૂછવો હોય તેમને સ્પીકર તરીકે તેમના નામ, ડિમેટ એકાઉન્ટ નંબર / ફોલીયો નંબર, ઈ–મેઈલ આઈડી, મોબાઈલ નંબર સાથેની રીકવેસ્ટ સભાના ૭ દિવસ પહેલા secretarial@ghcltextiles.co.in મોકલીને સ્પીકર તરીકે રજીસ્ટર્ડ કરાવવાનું રહેશે. ફક્ત તે જ સભાસદો જેમને તેમનું નામ રજીસ્ટર્ડ કરાવ્યું હશે તેમને જ સભા દરમ્યાન પોતાનો વ્યુ કે સવાલ પૂછવાની મંજૂરી આપવામાં આવશે.
૬. કંપની દ્વારા સભાસદોને ભાગ લેવા માટે ટુ–વે ટેલી કોન્ફરન્સીંગ ની સુવિધા અથવા વેબએક્સ પૂરી પાડવામાં આવશે. સભાની રેકોર્ડ કરેલ ટ્રાન્સક્રીપશન કંપનીની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે અને તે પણ કંપની દ્વારા સેફ કસ્ટડીમાં મેઈન્ટેઈન કરવામાં આવશે.

૩. **ઈ-વોટીંગને લગતી સહાયતા / સમસ્યા માટે :**

| લોગ-ઈનનો પ્રકાર | હેલ્પ ડેસ્કની વિગતો |
|---|---|
| સીડીએસએલ પાસે ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવનાર વ્યક્તિગત સભાસદો | ૧. સભાસદોને ઈ–વોટીંગને લગતી કોઈ પૂછપરછ અથવા સમસ્યાઓ કે ફરિયાદો હોય તો તેઓ વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ ''હેલ્પ સેક્શન'' હેઠળ આપેલા ''ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ'' ("FAQs") જોઈ શકે છે અને ઈ–વોટીંગ મેન્યુલ વાંચી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ–મેઈલ પણ મોકલી શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૨૫૫૩૩ નો સંપર્ક કરવો.<br>૨. ઈલેક્ટ્રોનિક વોટીંગને સુવિધાઓને લગતી બધી જ ફરીયાદો માટે શ્રી રાકેશ દલ્વી, સિનિયર મેનેજર (સીડીએસએલ) સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમીટેડ, એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્ષ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ્સ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૧૩ અથવા ઈ–મેઈલ helpdesk.evoting@cdslindia.com કરો અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૨૫૫૩૩ નો સંપર્ક કરવો. |
| એનએસડીએલ પાસે ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવનાર વ્યક્તિગત સભાસદો | જો સભાસદને લોગ–ઈન કરવામાં કોઈ ટેકનીકલ સમસ્યા આવતી હોય તો તેમણે એનએસડીએલના હેલ્પડેસ્ક evoting@nsdl.co.in ઉપર ઈ–મેઈલ મોકલી શકે છે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૦૨૦૯૯૦, ૧૮૦૦૨૨૪૪૩૦. |

૪. શ્રી મનોજ આર. હુર્કત, પ્રેક્ટીશીંગ કંપની સેક્રેટરીને જેમનો મેમ્બરશીપ નંબર F4287 અને સર્ટીફીકેટ પ્રેક્ટીશીંગ નંબર 2574 છે તેમને રીમોટ ઈ–વોટીંગ પ્રક્રીયામાં ઈ–વોટીંગ કામગીરીની પારદર્શક તથા ન્યાયી ચોકસાઈ અને વર્ગીકરણ માટે સ્ક્રુટીનાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બોર્ડ દ્વારા કેએમપી ને પણ શ્રી હુર્કત સાથે / અથવા તેમના સ્થાને એક અથવા વધારાના સ્ક્રુટીનાઈઝર તરીકે અધિકૃત કરવામાં આવ્યા છે.

૫. આ સ્ક્રુટીનાઈઝર સાધારણ સભામાં મતદાન પુરૂ થયા પછી તરત પ્રથમ સભામાં પડેલા મતોની ગણતરી કરશે. સૌ પ્રથમ સભામાં થયેલ મતોની ગણતરી થશે ત્યારબાદ સભા પૂર્ણ થયાના કામકાજના બે દિવસોની અંદર કંપનીના કર્મચારી ના હોય તેવા બે વ્યક્તિની સાક્ષીમાં રીમોટ ઈ–વોટીંગ દ્વારા કરવામાં આવેલા મતદાનના મતોની ગણતરી થશે અને દરખાસ્તોની તરફેણ અને વિરૂધ્ધમાં પડેલા કુલ મતોનો સ્ક્રુટીનાઈઝરનો સંગઠીત અહેવાલ જો કોઈ હશે તો તે કંપનીના ચેરમેન અથવા તેમના દ્વારા અધિકૃત કરવામાં આવેલી વ્યક્તિને સોંપશે. જેઓ પણ તે અહેવાલ ઉપર પોતાના હસ્તાક્ષર કરશે. ત્યારબાદ ચેરમેન અથવા તેઓના દ્વારા અધિકૃત કરેલી વ્યક્તિ લેખિતમાં મતદાનનું પરિણામ જાહેર કરશે.

૬. સભા પૂરી થયા બાદ તુરંતજ ચેરમેનશ્રી દ્વારા સ્ક્રુટીનાઈઝરનો અહેવાલ તેમજ જારી કરવામાં આવેલ નાણાકીય પરિણામો કંપનીની વેબસાઈટ (www.ghcl.co.in) અને સીડીએસએલ ની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે અને આ નાણાકીય પરિણામો વિશે સ્ટોક એક્ષચેન્જને પણ માહિતગાર કરાશે.

સભાસદોને જો કોઈ પૂછપરછ હોય તો તેઓને ઓછામાં ઓછા સભાના ૭ દિવસ પહેલા મોકલી આપવા વિનંતી છે, જેથી તે માહિતી સભા વખતે ઉપલબ્ધ કરાવી શકાય.

સ્થળ : નોઈડા
તારીખ : જુન ૧૧, ૨૦૨૫

જીએચસીએલ ટેક્ષટાઈલ્સ લિમિટેડ વતી
સહી/– લલીત નારાયણ દ્વીવેદી
કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નંબર : F10487